અપીલ અરજી નં.૮૬ તા.૧૭–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનુભાઈ ગોંડલીયા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનુભાઈ ગોંડલીયાની તા.૧૫–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૨.૧) વરાછા ઝોનમાં ઈનવર્ડ નં.૧૩૮૭ તા.૨૫–૩–૧૧ ની અરજી બાબત કરેલ તમામ કાર્યવાહી જેમકે નોટીસ દંડ વિગેરે તમામ કાર્યવાહીની માહિતિ. મુદ્દા નં.(૨.૨) રમેશભાઈ હીરજીભાઈ હીરપરા ની મ્યુ.કમિશ્નરને તા.૨૫–૩–૧૧ ના રોજ કરેલ અરજી બાદ કરેલ તમામ કાર્યવાહીની માહિતિ. વિ.મુદ્દા નં.(૨.૧) થી( ૨.૧૨) ની માહિતિ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૫–૧૧ ની SMC/FAP/ નં.૮૬/૨૦૧૧–૧૨

શ્રી વિનુભાઈ ગોંડલીયાની તા.૧૫–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૨.૧) વરાછા ઝોનમાં ઈનવર્ડ નં.૧૩૮૭ તા.૨૫–૩–૧૧ ની અરજી બાબત કરેલ તમામ કાર્યવાહી જેમકે નોટીસ દંડ વિગેરે તમામ કાર્યવાહીની માહિતિ. મુદ્દા પત્રનં.(૨.૨) રમેશભાઈ હીરજીભાઈ હીરપરા ની મ્યુ.કમિશ્નરને તા.૨૫–૩–૧૧ ના રોજ કરેલ અરજી બાદ કરેલ તમામ કાર્યવાહીની માહિતિ. વિ. મુદ્દા નં.(૨.૧) થી( ૨.૧૨) ની માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) ના પત્ર નં.ઈ.ઝેડ્ષ્આરટીઆઈ/૩૪ તા.૧૩–૫–૧૧ થી આપેલ માહિતિ અધૂરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ ,આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૨ તા.૨૪–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતિ, ફી ભર્યાની વિગત, આપેલ માહિતિ પૈકી મુદ્દાવાર નારાજગીની વિગતો, અધૂરી માહિતિના દાવાના સમર્થનમાં આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુળ અરજીની નકલ તા.૧૮–૬–૧૧ ના રોજ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૫–૪–૧૧ ની અરજીથી તેઓ તરફથી તા.૨૫–૩–૧૧, તા.૩૦–૩–૧૧ ની અરજીઓની કાર્યવાહી તથા સરથાણાના બાંધકામ બાબતેની કાર્યવાહી અંગેની મુદ્દા નં.૨.૧ થી ૨.૧૨ અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/૩૪ તા.૧૩–૫–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદાર તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં આપેલ માહિતી અધૂરી હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૭–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની મુળ અરજીના મુદ્દા નં.(૨.૧) વરાછા ઝોનમાં ઈનવર્ડ નં.૧૩૮૭ તા.૨૫–૩–૧૧ ની અરજી બાબત કરેલ તમામ કાર્યવાહી જેમકે નોટીસ દંડ વિગેરે તમામ કાર્યવાહીની માહિતિ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોબાઈલ ટાવર ઉભો કરનાર કાં. ઈન્ડસ ટાવર્સ લી. ને વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/ટીડી/૧૭૭ તા.૩–૫–૧૧ થી નોટીસ પાઠવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨.૨) રમેશભાઈ હીરજીભાઈ હીરપરા ની મ્યુ.કમિશ્નરને તા.૨૫–૩–૧૧ ના રોજ કરેલ અરજી બાદ કરેલ તમામ કાર્યવાહીની માહિતિ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અનુ નં.૧ મુજબ. તેવું જણાવેલ છે. (૨.૩) વરાછાઝોન ઈનવર્ડ નં.૧૩૮૮ તા.૨૫–૦૩–૧૧ ની અરજી બાદ કરેલ કાયદેસરની કાર્યવાહીની તમામ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અનુ નં.૧ મુજબ. તેવું જણાવેલ છે. (૨.૪) " વિનોદભાઈ પ્રેમજીભાઈ ગોંડલીયા" ની મ્યુ. કમિ.ને તા.૨૫–૩–૧૧ ના રોજ કરેલ અરજી બાદ કરેલ તમામ કાર્યવાહીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી તેવું જણાવેલ છે. (૨.૫) વરાછાઝોન ઈનવર્ડ નં.૧૪૦૫ ની તા.૩૦–૩–૧૧ ની અરજી બાદ કરેલ તમામ કાયદેસરની કાર્યવાહીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અનુ. નં. ૪ મુજબ જણાવેલ છે એટલે કે વરાછાઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી તેવું જણાવેલ છે. (૨.૬) વરાછાઝોન ઈનવર્ડ નં.૧૪૦૬ તા.૩૦–૩–૧૧ ની અરજી બાદ કરેલ તમામ કાર્યવાહીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી

અધિકારી તરફથી અનુ. ૧ મુજબ. તેવું જણાવેલ છે. (૨.૭) વરાછાઝોને ઈનવર્ડ નં.૧૪૦૭ ની તા.૩૦–૩–૧૧ ની અરજી બાદ કરેલ તમામ કાર્યવાહીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અનુ. નં.૪ મુજબ જણાવેલ છે એટલે કે વરાછાઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી તેવું જણાવેલ છે. (૨.૮) અરજીનો નિકાલ કરવાની સમય મર્યાદા અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ સમય મર્યાદા નકકી થયેલ હોવાનું રેકર્ડ ઉપર જણાતું નથી તેવું જણાવેલ છે. જે સ્વયં જાહેર કરવા યોગ્યની જોગવાઈ ધ્યાને લેતાં હોવી જોઈએ. (૨.૯) મોજે સરથાણા ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની જવાબદાર અધિકારીનું નામ, હોદ્દો અને સંપર્ક નંબરની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જુની. ઈજનેર શ્રી ડી.એમ. પટેલ, ડે.ઈજનેર શ્રી એચ.એસ. ગજજર મો. નં.૯૭૨૪૩ ૪૫૪૫૩કાર્યપાલક ઈજનેર શ્રી પી.ડી.મુન્શી મો. નં.૯૭૨૪૩૪૫૪૩૪ જણાવેલ છે. (૨.૧૦) જવાબદાર અધિકારી ગેરકાયદેસર બાંધકામ દુર ન કરે તો તેની વિરુધ્ધ કાયદેસરની શું કાર્યવાહી થઈ શકે તેની આરટીઆઈ એકટ હેઠળ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ધીબીપીએમસી એકટ મુજબ કાર્યવાહી થઈ શકે. તેવું જણાવેલ છે. (૨.૧૧) સરથાણા તા.કામરેજ જી. સુરતના જવાબદાર અધિકારીના નામે ગુજરાત રાજયમાં અપ્રમાણસર મિલ્કત છે કે કેમ તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાનું જણાતું નથી. તેવું જણાવેલ છે. (૨.૧૨) સરથાણામાં ગેરકાયદેસર બાંધકામ દુર કરનારની જવાબદારીના ભાગરૂપે અધિકારીએ શું શું કામગીરી કરવાની હોય છે અને કયા કયા કાયદાઓનું પાલન કરવાનું હોય છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સ તથા ધીબીપીએમસી એકટ મુજબ કામગીરી કરવાની રહે છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે માહિતી છુપાવવામાં આવી હોવાની અધૂરી માહિતી આપ્યા હોવાનું જણાવી તા.૧૭–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારે પૂરી માહિતી આપવા અને દંડકીય કાર્યવાહી કરવા અપીલમાં દાદ માંગવામાં આવેલ છે. અરજદારે મુળ અરજી સાથે આરટીઆઈના નિયમ–૬ ની જોગવાઈ મુજબ અપીલ સાથે મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, માહિતી અરજીમાં જણાવેલ સંદર્ભ અરજીઓ વિગેરે વિગતો પણ અરજદારે રજૂ કરેલ નથી. જે અંગે અત્રેથી બંને પક્ષકારોને અપીલ તબકકે પત્ર પાઠવવામાં આવેલ. તથા અરજદારને પણ માંગેલી માહિતી, ફી ભર્યાની વિગત સંદર્ભમાં નિર્દિષ્ટ અરજીની નકલો, આપેલ માહિતી પૈકી મુદ્દાવાર નારાજગીની વિગતો અને અધૂરી માહિતીના દાવાના સમર્થનમાં આધારસહ સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી અરજી સાથે કે અપીલ તબકકે વિગતો રજૂ કરવામાં તેમજ અપીલ તબકકે અપીલના અનુસંધાને વિગતો રજૂ કરવાનું અરજદારને શિરે રહે છે તેમ છતાં તક આપવા છતાં તે માટે અરજદાર નિષ્ફળ રહેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ,....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિનુભાઈ ગોંડલીયા